Volume 2, Issue 11

February 2025

# ટપક

## E-MAGAZINE

૨૯ - ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થાની સમગ્ર ટીમના રીફ્રેશમેન્ટ માટે આ વર્ષે તા. ૨ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી કાશ્મીરના પ્રવાસનું આયોજન થયું. જેમાં પ્રકૃતિના સ્વર્ગ એવા આ વિસ્તારની મુલાકાત કરી નવા જોશ અને ઉમંગ સાથે સંસ્થાની ટીમ નવી તાજગી સાથે અગામી કામોમાં ફરી જોડાઈ.
















Share your review



www.sskkamreli.org info@sskkamreli.org

ટપક E-MAGAZINE
Volume 2, Issue 11
February 2025

## તાલીમ અને શિક્ષણ

**૧૯ ફેબ્રુઆરીના રોજ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરની ૫૧ બહેનોને 'મહિલા સશક્તિકરણ કેન્દ્ર' – વાડીનાર, જામનગર ખાતે પ્રેરણા પ્રવાસમાં લઇ જવામાં આવ્યા. સીવણ ટ્રેડ અંગેની જરૂરી માહિતી બહેનોએ નિદર્શન અને વાર્તાલાપ દ્વારા શીખી.**









**૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સંસ્થાના ડારેક્ટર ધીરુભાઈ વાગડિયા દ્વારા 'કારીગર કલીનીક'ની મુલાકાત કરવામાં આવી. અમદાવાદ ખાતેના આ કલીનીકમાં ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવાનું કામ થઈ રહ્યું છે.**





## સંસ્થાના કાર્ય વિસ્તારમાં કોટનકનેક્ટ ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશનના સહયોગથી અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા બે મહિનાની બ્યુટીશ્યન કોર્સની તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી.








## ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કોટનકનેક્ટ દ્વારા પ્રોગ્રામ યુનિટોના તમામ કાર્યકરો માટે નવા સિદ્ધાંતો અને માપદંડો અંગેની કાર્યશાળા લોકભારતી સણોસરા ખાતે યોજાઈ.











કોટનકનેકટના પ્રોગ્રામ પાર્ટનરની ત્રિ દિવસીય મીટીંગનું આયોજન પેનાંગ – મલેશિયા મુકામે તા.૧૧ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ થયું. જેમાં તુર્કી, ચીન, પાકિસ્તાન, માલી, મોઝામ્બિક અને ભારત દેશના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આપણી સંસ્થા વતી પ્રોગ્રામ યુનિટ મેનેજર ઉમિયા સાંખટ આ તાલીમમાં હાજર રહ્યા હતા.








કોટનકનેક્ટ દ્વારા ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે કૃષિમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનને સમજવા અને નેટ ઝીરો તરફ કામ કરવા માટેની ટૂંકી તાલીમનું આયોજન થયું. આ તાલીમમાં સંસ્થામાંથી કૌશિક પંડ્યા સહભાગી થયા હતા. ડો. કેશવ ક્રાંતિ, આઈસીએસી, અમેરિકાએ ઉપરોક્ત વિષય પર તાલીમ આપી હતી.






ટપુક E-MAGAZINE
Volume 2, Issue 11
February 2025

## બાળ વિકાસ કેન્દ્ર

ફેબ્રુઆરી મહિના દરમ્યાન કાર્યક્રમના ત્રંબોડા ગામે અમે બાળ વિકાસ કેન્દ્રની સ્થાપના કરી, આ કેન્દ્રમાં, ૩ થી ૧૪ વર્ષની વયના સ્થળાંતરિત મજૂરોના બાળકોને શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે, જેમાંથી ઘણાએ સ્થળાંતરના લીધે શાળા છોડી દીધી છે અથવા ક્યારેય શાળામાં હાજરી આપી નથી. અહી શિક્ષણને તેમની ઉંમર અને જરૂરિયાતોને અનુરૂપ બનાવીએ છીએ, તેમને મજબૂત અને વધુ સ્થિતિસ્થાપક બનાવવા માટે જ્ઞાન અને કૌશલ્યો સાથે સશક્તિકરણ કરીએ છીએ.





## આરોગ્ય અને પર્યાવરણ

કોટનકનેક્ટ ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશનના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા કાર્યક્ષેત્રના ધોકડવા, ટીંબી અને ખાંભા ખાતે મહિલા આરોગ્ય કેમ્પનું આયોજન થયું. જેમાં ગાયનેક અને ફીજીશીયન દ્વારા આરોગ્ય ચકાસણી અને નિદાન કરવામાં આવ્યું. જરૂરિયાત મુજબની દવાઓ પણ દર્દીઓને પૂરી પાડવામાં આવી. આ કેમ્પનો કુલ ૪૭૩ મહિલાઓએ લાભ લીધો હતો.
















ટપક E-MAGAZINE
Volume 2, Issue 11
February 2025

ડેવલોપમેન્ટ સપોર્ટ સેન્ટર દ્વારા ૨૧મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમરેલી ખાતે લોકકેન્દ્રિત જળ વ્યવસ્થાપન અને જળ સુરક્ષા પર પ્રાદેશિક કક્ષાની કાર્યશિબિર યોજાઈ. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પાણી બચાવવાની મહત્વતા, તેની ઉપયોગિતા અને જરૂરિયાત અનુસાર સચોટ વપરાશ અંગે જાગૃતિ લાવવાનો હતો . આ શિબિરમાં સંસ્થા વતી રમેશભાઈએ કાર્યવિસ્તાર અને તેમાંની મહત્વપૂર્ણ કામગીરી પર પ્રકાશ પાડ્યો. સાથે જ ઈનાયતભાઈએ ગોંડલ અને કોટડાસાંગાણી તાલુકાના કાર્યવિસ્તાર અંગે વિગતવાર પ્રેઝેન્ટેશન આપ્યું. શિબિરમાં નાના સખપર અને નાના આંકડિયા ગામોના ખેડૂતો પણ ઉપસ્થિત રહ્યા. તેમણે પોતાની અનુભૂતિઓ વહેંચી અને વિવિધ યોજનાઓ તથા પ્રયોગો દ્વારા થયેલા પરિવર્તન અંગે માહિતી આપી.



## કૃષિ ઉત્પાદકતા અને આપત્તિજન્ય જોખમો

આ ઉપરાંત મહિના દરમિયાન બાયોચારના 30 ડેમો, પ્રોગ્રામ યુનિટના તમામ ગામોમાં રેપીડ કીટ દ્વારા જમીન ચકાસણી, બાળમજુરી અને બાળ અધિકારો અંગે શાળા કાર્યક્રમો, મજુરોની મીટીંગો, એલજી ખેડૂત મીટીંગ જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.



**ગોંડલ કાર્ય વિસ્તારમાં કુલ ૭ ચેકડેમોનું સમારકામ થયું. જેનાતી ૬ ગામના ૧૦૭ ખેડૂતોની ૨૧૧ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. સાથે સાથે રામપરા ગામે બંધ પાળા અને ફાર્મ આઉટલેટના કામો પણ થયા.**








**ચણા અને મરચીના પાકમાં ૬૦ ખેડૂત મિત્રો સાથે સંકલિત જીવાત વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવી. તેમજ ચણાના પાકમાં ડ્રોન દ્વારા દવા છંટકાવ કરાવવામાં આવ્યો.**




ટપક E-MAGAZINE

Volume 2, Issue 11

February 2025

કાર્ય વિસ્તારના ૪ ગામોની ૧૩૫ મહિલાઓને 'બાયફ'ના શૈક્ષણિક સહયોગથી પશુ ઉછેરની તાલીમ આપવામાં આવી. ૨૧૫ મહિલાઓને પશુઓને પીવાના પાણીની ટાંકીઓ, કૃત્રિમ બીજદાન, મિનરલ પાવડર, કૃમિનાશક દવા અને જીવાતની દવા ૨૫ ગામોમાં આપવામાં આવી.












આ ઉપરાંત ટીમ દ્વારા ડીજીટલ સાક્ષરતાની તાલીમ, ૨૮૯ લોકોના રેશનકાર્ડ ઈ કેવાયસી, વિશ્વકર્મા સ્કીમના ફોર્મ, આયુષ્યમાન કાર્ડ અને ખેડૂત નોંધણી જેવી ઓનલાઈન કામગીરીમાં મદદરૂપ બન્યા. સતાપર ગામે મહિલાઓને જવેલરી કામમાં સુગમતા રહે તે માટે કોટા સ્ટોન આપવામાં આવ્યા.







તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ઉન્નતિ અને યુનિસેફ સંસ્થા દ્વારા આયોજિત મલ્ટી પરપઝ સાયક્લોન શેલ્ટરની જાળવણી – નિભાવણી માટે સૈયદ રાજપર ગામે એક દિવસીય કાર્યશાળાનું આયોજન થયેલ જેમાં સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહી આગામી રણનીતિ તૈયાર કરી હતી.






## મેગેઝીનમાં પ્રકાશિત થયેલ માહિતી અંગે મળેલા પ્રતિભાવ

પરીતાબેન પટોળીયા દ્વારા પ્રતિસાદમાં સંગઠન દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ અંગે પ્રશંસા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને, મહિલા સશક્તિકરણ સંબંધિત પ્રવૃત્તિઓ પ્રત્યે ખાસ રુચિ દર્શાવવામાં આવી છે અને આવા કાર્યક્રમો ચાલુ રહે તેવી શુભેચ્છા અપાઈ છે.




## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



### સ્વ. ડાયાભાઈ પુનમભાઈ પાટણવાડિયા

સ્વ.તા.૧૮/૦૨/૨૦૨૫, મહા વદ–૬, (સં.૨૦૮૧), મંગળવારના રોજ અમારા સ્નેહી સ્વ. ડાયાભાઈ પુનમભાઈ પાટણવાડિયા દેવલોક પામેલ છે. તેઓ ૧૯૯૯માં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થામાં વૉટરશેડ કાર્યક્રમની ખાંભા ટીમમાં સભ્ય તરીકે જોડાયા અને ૨૦૦૬ સુધી સંસ્થા કાર્યકર તરીકે સમર્પિત સેવા આપી. જ્યારે અવિરત કંપનીની સ્થાપના થઈ, ત્યારે તેઓ પ્રથમ સીઈઓ તરીકે નિયુક્ત થયા અને સતત ૧૦ વર્ષ સુધી અવિરતના એક નિષ્ઠાવાન યોદ્ધા તરીકે કાર્યરત રહ્યા. તેમની અવિરત મહેનત અને નિસ્વાર્થ સેવાઓ સંસ્થા માટે મજબૂત આધારસ્તંભ બની રહી. તેમની અમુલ્ય યાત્રા અને સમર્પણ હંમેશા સંસ્થાના ઇતિહાસમાં યાદ રહેશે. આ દુ:ખદ ક્ષણે, પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે, તેવી પ્રાર્થના.

લી.

એસ.એસ.કે.કે. પરિવાર

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**

૨૬, ઓમનગર–૩, જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી–૩૬૫૬૦૧.

**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org